

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




રહ્યા ન ઘર કે ઘાટના નરહરિ ઉંબરે બેઠા!
ન રહ્યા પશુ કે પંખીમાં, નરહરિ ઉંબરે બેઠા!
થયા ન કદી 'કોંગી' ના-એ ચીમનભાઇ જૂથવાળા -
ખોળે સત્તાનો હિરણ્ય-કશ્યપ, નરહરિ ઉંબરે બેઠા!
(અમીન ની કોણીએ ગોળ?!)

આવ્યા
હવે પોલીસ પણ -
થઇ ભાગેડુ!
(દબંગ પાંડે?!)

ફરજીયાત!
સરકારી ઉજવણી -
ગૌરવ-દિન..
(બસના ટાઇમ બદલી નાખ્યા)




## ચિંતન

**લોભ મૂલાનિ પાપાનિ રસ મૂલાનિ વ્યાધયઃ ।**
**ઇષ્ટ મૂલાનિ શોકાનિ ત્રીણી ત્યકતવા સુખી ભવ ॥**

સર્વ પાપોનું મૂળ છે લોભ, સર્વ રોગોનું મૂળ છે સ્વાદ-રસો અને સર્વ સંતાપો-શોક-દુખોનું મૂળ છે ઇચ્છાઓ-વાસનાઓ, માટે જો આ ત્રણેનો ત્યાગ કરવામાં આવે તો જ સુખની પ્રાપ્તિ થાય.

અતિ લોભ તે પાપનું મૂળ છે, આજે તો અધિકારીઓ, વેપારીઓ, પ્રધાનો કરોડોનાં કૌભાંડ કરી સરકાર અને ગરીબ પ્રજાને લૂંટે છે - પૈસા જમીનો-સોનું-ચાંદી એકત્ર કરવામાં એમને સંતોષ નથી. પરિણામે પાપ છાપરે ચઢી પોકારે છે અને અંતે બધું જપ્ત થઇ જાય એ જાતે જેલમાં જાય.

જે કંઇ રોગ થાય છે તે સ્વાદની ઇંદ્રી જીભ - રસના શોખીનો બહારનું જંક ફૂડ, તેલ-મરચાં અને કચરો ખાઇ-ખાઇ 'પેટ'ને કચરાપેટી બનાવી 'સડો' એકત્ર કરે છે પેટ બધા જ રોગોનું એપી સેન્ટર છે. આખા શરીરને ધ્રુજાવી-ધ્રુજાવી ખખડધજ કરી નાખે છે. સ્વાદનો મોહ ત્યજી સાદું અને સાત્વિક-કમ ખાવ.

દુઃખ-સંતાપ-હતાશા-પરિતાપનું મૂળ છે ઇચ્છાઓ - મન અનેક ઇચ્છાઓ-અપેક્ષાઓ રાખે છે જે ફળતી નથી અને 'નિરાશ' થવાય છે, મનને મારી મારી કહ્યાગરૂં બનાવી નાખો. શાંતિ થઇ જશે.

## સુવિચાર

- આજનો પુરૂષાર્થ એ જ કાલનું ભાગ્ય છે **- પોલ શિટર**
- જે જીવન ને ચાહે છે એને જીવન મનોરમ્ય લાગે છે જે જીવનની ઉપેક્ષા કરે છે તેને દુઃખ રૂપ લાગે છે **- ટાગોર**
- આળશુ માણસ શ્વાસ તો લેતો હોય છે પણ જીવતો નથી હોતો **- સિસેરો**
- બે મિત્રો માટે સોયના નાકા જેટલી જગ્યા પણ નાની નથી પડતી, બે દુશ્મનો માટે વિશાળ મેદાન પણ નાનું પડે છે **- ઇબ્ન પ્રબીરોલ**
- નિષ્ઠાપૂર્વક કર્તવ્ય બજાવો, નામ તમારી પાછળ દોડતું આવશે **- સાઇરસ**
- જો તમે સૂર્ય ગુમાવવાની ગણતરીમાં આંસુ જ સાર્યા કરશો તો તારાઓ પણ ગુમાવશો **- રવીન્દ્રનાથ**
- આપીને કંઇ મેળવવાની અપેક્ષા રાખીએ એને દાન કહેવાય જ નહીં **- ગાંધીજી**

## બોધ કથા

ચીનમાં લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે એક સમ્રાટ થઇ ગયો. એની કેબીનેટના પ્રધાનો અને સચિવો તેના ક્રોધથી ખૂબ ભયભીત અને દબાયેલા હતા એની હાજરીમાં અને ગમે તેવા અવિચારી આદેશનો કોઇ વિરોધ કરી શકતું નહીં. પણ તેનાં આદેશનો અમલ પણ કરતાં નહીં કોઇ સમ્રાટને પ્રેમ કરતું નહીં, અરે એની રાણીઓ પણ તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરતી. કોઇ સમ્રાટ સાથે ખૂલ્લા હૃદયે-નિખાલસપણે વાત પણ કરતું નહીં.

સમ્રાટને ધીમે ધીમે પોતાના તરફથી લોકોની સૂગની ખબર પડવા લાગી. મનમાં મૂંઝાવા લાગ્યો. તેથી એકવાર પ્રસિદ્ધ સંત કોન્ફયુશિયસ પાસે ગયો હે સંત મને ચીનની પ્રજા પર પ્રેમથી શાસન કરવું છે પણ મને પ્રજા પ્રેમ કેમ નથી મળતો? સંત કહે, રાજન્, પહેલાં તમે જાત પર શાસન કરતાં શીખો. જે પોતાના ક્રોધ પર પોતાનો કાબૂ ધરાવતો નથી તે બીજા પર પ્રેમનું શાસન કેમ ચલાવી શકે?!

E-mail : sureshchandrabhatt18@gmail.com

# દોલબાઈની કૂખે બબ્બે ફૂલ ખીલ્યાં, પ્રેમજીએ સમાજની પરવા કર્યા વગર એક નાનકડાં ઘરસંસારમાં મન પરોવી લીધું હતું, દોલબાઈ જેવી જીવન સંગિની મેળવીને એ ધન્ય થઈ ગયો હતો

**જીવતચરા**
**- કેશુભાઈ દેસાઈ**

ત્રાણું વર્ષનાં દોલબાઈ આજે ફક્ત માધુ અને છ મહિના અગાઉ અકસ્માતમાં મૈયત થયેલા લવજીની માતા નહોતાં રહ્યાં. આખું પરગણું એમના માતૃ વાત્સલ્યની શીળી છાંયડી હેઠળ હકડેઠઠ સતિયાં માની સમાધિ આગળ ધામા નાખીને બેઠું હતું. આગલી રાતે પંદર ગામની ભજન મંડળીઓએ મગરોડાના પાદરમાં રમઝટ જમાવી હતી. રૂપિયા ખરચનાર ખરચતો હોય, આપણને બે ઘડી રામ ભજન કરવા નોતરું મેલતાં પણ અડઘો અડઘો થઈ જતો હોય ત્યારે આપણે ભારે થઈએ કે ખરાં ખોટાં બહાનાં બતાવી વેગળા રહીએ તો ઉપરવાળો પણ આપણાથી આઘો જ રહે. આટલી સમજણ હજી મહેસાણા પંથકની ખમતીધર ખેડૂ કોમમાં બચી છે. એટલે જ સ્તો માધુની ધારણા કરતાં દોઢી- બમણી જીવતચરામાં ઊમટવા લાગેલી. તાબડતોબ રસોડાની જવાબદારી સંભાળનારા અનુભવી મોટેરાંની ઘરખૂણે મિટિંગ બોલાવી એણે સીધું સામાન ખૂટતું-કરતું લાગે તો જરૂરી સ્ટોકની આગોતરી વ્યવસ્થા કરવા સૂચના આપી દીધીઃ માડીના હૈયા જેવડી જાડી મેદની ભેળી થશે એવાં એંધાણ લાગે છે. આપણો પનો ટૂંકો ના પડે એની ખાતરી રાખવાની છે. લાખ ભેળા સવા લાખ. આલનારો ઉપરવાળો છે, આપણે તો ખુલ્લા દિલે વાપરવાનું છે. લીલાચંદ મોદીને આગોતરો ઓર્ડર આપી રાખેલો છે. મગરોડાનું નામ લઈને ચાર વેંતનું છોકરડું પણ આવે તો પડપૂછ કર્યા વિના જે માગે તે ભરી આપવાનું, માધુ પ્રેમજીના ખાતે ઉદારીને. પરગણું કરવા બેઠા હોઈએ ત્યાં હાથ ટૂંકો રાખીએ તે ના ચાલે.

બધાએ એકી અવાજે જવાબદારી લઈ લીધી હતીઃ હવે ભઈલા, તમારે આ બાબતે કોઈ ઉજાગરો રાખવાની જરૂર નથી. જઈને નિરાંતે બંગલામાં એસી ચાલુ કરીને ઊંઘી જાવ. અવસર માધુ પ્રેમજીનો નથી, આખા ગામ સમસ્તનો છે. માધુ પ્રેમજી પુણ્યશાળી આત્મા. એટલે સતિયાં મા એ એને નિમિત્ત બનાવ્યો. હવે જવાબદારી ગામની થઈ ગઈ. કશી ઊણપ વરતાશે તો માધુ પ્રેમજીને તો બાપડો-બિચારો કહી માફ કરી દેવાશે, વગોવાશે તો મગરોડું ગામ. ધણી સધ્ધર બેઠો હતો, અવસર આદર્યો ત્યારે બે મહિના અગાઉ ગામ ભેગું કરી બે હાથને ત્રીજું મસ્તક નમાવીને ડોશીનું જીવતે જગતિયું કરવાની પરવાનગી માગી હતી, પછી એની કોઈ જવાબદારી બચે ખરી? ધણી તો નાણાં કોથળી છુટ્ટી મૂકીને આઘો ખસી ગયો. પ્રસંગ સાચવી લેવાની ફરજ તો ગામની જ ગણાય ને! આજે પંદર પાદરમાં ભેગાં કરવા એ તે કોઈ નાનાં છોકરાંના ખેલ છે? પંદર માણસનું રસોડું આકરૂં પડે એવી કારમી મોંઘવારીમાં એક વ્યક્તિ એકલપંડે પંદર-પંદર ગામ તેડાવવા તૈયાર થાય એ તે કોઈ જેવી તેવી બાબત છે? અને બિચારાં દોલબાઈમાએ એમની નવ દાયકાની જિંદગીમાં શું નથી વેઠ્યું? બાકી રહી જતું હતું તે છ મહિના પૂર્વે નરવો-ગરવો કંધોતર ગુમાવ્યો.. આજે એવી એક જીવતી જાગતી જોગમાયાના નામે રૂડો પંખીમેળો જામશે. બધું સમું સૂતરૂં પાર પડશે ભાઈ. તમે ક્યાં કોઈના ખોટામાં ઊભા રહ્યા છો કદીયે?

માધુને ગીતાવચન યાદ આવી ગયું હતું. જાણે જનતાના મુખે જનાર્દન જ એને અભયવચન આપી રહ્યા હતા. ન હિ કલ્યાણકૃત કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ... હે અર્જુન, ભલું કરનારનું કદીયે ભૂંડું થતું નથી એટલું યાદ રાખજે!

રાત આખી રસોડું ધમધમતું રહ્યું. સાગર ઘીના ડબ્બા ઠલવાતા રહ્યાં. ફળફળતા શીરાની સુગંધથી મગરોડાનું પાદર મઘમઘી ઊઠ્યું. સવારે સાડા આઠથી જ બહાર ગામની વસ્તી પાદરમાં ઠલવાવા લાગી હતી. દસ વાગતાં સુધીમાં તો પત્રિકામાં જેમના રૂડી પેરે નામ ટંકાયા હતા એ માનવંતા મહેમાનો પણ હાજર થઈ ગયા. વીસ પચીસ ગાઉના પરગણાંની જગ્યાઓ અને દેવ મંદિરોના સંતો-મહંતો માટે તો વાયક જ પૂરતું હતું. આશીર્વાદ આપીને સમૂહમાં હરિહર કરવાના હતા. સામેથી શાલસાથે જજમાનના ગજા મુજબનું કવર મળવાનું હતું. ગાંડો હોય તે ઘેર બેસી રહે.

દોલતભાઈ માને ત્રાણું વર્ષે પણ લાકડીના ટેકાની જરૂર નહોતી એ ઘરડું મનેખ આ ઉંમરે પણ જાણે આગલી સાંજે જ પાદરમાં પ્રવેશ્યું હોય એવું ઓશિયાળું લાગી રહ્યું હતું. સૌને ખબર હતી. આઝથી પાંસઠ વરસ પૂર્વે ઊતરતા ચૈત્રની ભળભાંખળી વેળાએ એક દુખિયારી બાઈને એનાં પિયરિયાં આ ગામના વગડામાં ઉતારીને પાછાં વળી ગયા હતાં, ચૂપચાપ. હવે બુન તારૂં નસીબ તારી પાસે. ભૂલથીય બાપના ઘર સામો લમણો ના વાળતી. આપણાં અંજળ પૂરાં થયાં. તનેય તારાજોગો આશરો મળી રહેશે. જેણે દાંત આલ્યા છે એ ચાવણું પણ આલશે!

- દોલતબાઇને એ વણબોલાયેલા વેણ સંભળાઇ રહ્યાં. આખો ભૂતકાળ નજર સામે ખડો થઇ ગયો. સામે દસ હજાર મનખાદેવનો મેળો જામ્યો છે ને દોલતબાઇની આંખો સામે મગરોડાનો પાસંઠ વર્ષ જૂનો વગડો જાગી ઉઠ્યો છે. લખમણ જતિ સતી સીતાને બેજીવી હાલતમાં વાલ્મિકી ઋષિના આશ્રમ નજીક ઉતારીને ચાલતા થયા હતા એમ એનો મા જણ્યો ભાઇ, બે-ચાર પિતરાઇ એને અજાણ્યા ગામડાની સીમમાં ઇશ્વરના ભરોસે મૂકીને પાછા વળી ગયા હતા. જીપ ધૂળ ઉડાડતી વીસનગરના રસ્તે વળી ત્યાં સુધી દોલબાઇ એકીટશે એની સામે તાકી રહી હતી. છેલ્લે સુધી છાતી કાઢી રાખી હતી પણ જેવી જીપ દેખાતી બંધ થઇ ત્યાં ડૂમો કાળી કળેળાટી બની વછૂટી ગયો હતો. વગડામાં રોકકળ કરી રહેલી અજાણી સ્ત્રીનો અવાજ કાને પડતાં જ નજીકના ખેતરમાં પરોઢવેળાની મીઠી નીંદર માણી રહેલા અલ્લડ પ્રેમજી રામસંગે ઝબકીને દોટ મુકી હતી. પારકી છઠ્ઠીના ઉજાગરા વેઠનારા પ્રેમજીને સાટામાં પરણવા ખપ લાગે એવી બહેન નહોતી. એટલે પાંત્રીસ વરસનો ઢાંઢો થયો પણ બૈરાભેગા નહોતો થઇ શક્યો. સમાજના જુના પુરાણા કાયદા તોડીને એને 'કંકુ ને કન્યા' આપવા કોણ તૈયાર થાય? પ્રેમજીએ રૂપ રૂપના અંબાર જેવી અપ્સરાને જોઇ કે એના ધબકારા વધી ગયા. શું બોલવું એ સૂઝ્યું નહીં એટલે ધીમે ધીમે રહીને એનો હાથ પકડી લીધો. સીધો જ ચાલવા લાગ્યો એના ખેતર તરફ જાણે ભૂલી પડેલી ગાવડીને દોરી જતો હોય એમ...

'મને - મને કિયા ગામનાં ઝાપે ઉતારી છ એ કાંઠા કાળજાંવાળા પિયેરિયાંએ?' એણે ગટક .. ગટક.. બે ઘૂંટડા પાણી ગળા નીચે ઉતારવા પૂછ્યું : 'તમે કુણ નાતે છો ભિયા?' એના એકેએક સવાલમાં નરી કરૂણતા ઝરતી રહી. પ્રેમજી રામસંગે એના વાંસા પર હાથ ફેરવી કહ્યું : 'સાંભળ બાઇ, તારા પર આંય કોઇ બળજબરી નથી કરવાનું. તારા દેદાર જોતાં મને સમજાય છે કે તું કાંઠા કરમની દુખિયારી બાઇ છંઅ. તારૂં આ જગતમાં કોઇ નથી, ઉલટાનાં જે હશીં ઇયે તારો છાંયડો લેવા તૈયાર નથી, બરોબર? અને આ તો ગામ આખું ચૌધરીઓનું - તને આંય મૂકી જનારા ગાંડા થોડા હશે!'

એના ચહેરા પર સુકાઇ ગયેલા આંસુના ઓઘરાળા ખેસનો છેડો પલાળી લૂછતાં પ્રેમજીએ હસીને ઉમેર્યું હતું : 'જગતમાં કોઇ કોઇનું સગું નથી - હૌ હવારથનું હગું છઅ, એટલું યાદ રાખજે ને તું દુખિયારી હઇશ તો મુંયે કાંઇ બહુ સુખિયો નથી હોં કે! પાંત્રી' વરહ થઇ ગયાં પણ આજ લગણ અવ્વલ કુંવારો છું.... તમારા હમ, આજ પહેલી વાર કોઇ બઇ મનેખનો હાથ...' એના હોઠ સુધી આવેલા વેણ દુખિયારી દોલબાઇના હૈયા આશાનાં અજવાળાં પાથરી રહ્યાં : બીજું કોઇ નહીં હોય તોય તમે તો છો ને! એક વાર હાથ ઝાલ્યો છે, તે થોડો અધવચ છોડી દેશો? - બેઉ જણ વચ્ચે ફક્ત આંખોથી જ સંવાદ થયો હતો.

અને પછી જે જિંદગીનો નવો અધ્યાય શરૂ થયો એ દોલબાઇના અને પ્રેમજી રામસંગની જીવનકથાનાં યાદગાર સંસ્મરણોની ફૂલછાબ સમો હતો. ગામના ખાનદાન, કુળવાન ચૌધરીએએ આવી તરછોડાયેલી સ્ત્રીને ઘરમાં ઘાલવા બદલ પ્રેમજી રામસંગના ઘરનું પાણી અગરાજ કરી દીધું. એને નાતબહાર મુકી સમાજમાંથી એની સમૂળગી બાદબાકી કરી દીધી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગોદન્તીની ભસ્મ ઠંડી છે, તે પિત્તદોષનો નાશ કરે છે, તેનાથી લોહીની ગરમી દૂર થાય છે અને લોહીનું શુદ્ધિકરણ થાય છે

## ગોદન્તી : અનેક રોગોમાં ઉપયોગી

## નિરામય

**- ડો. કેદાર ઉપાધ્યાય**

હાલના સમયે કેલ્શિયમને ખૂબ મહત્વ અપાય છે. કેલ્શિયમ ઓછું થતાં હાડકાંના અનેક રોગો જોવા મળે છે. વળી, ૪૦ વર્ષ પછીની સ્ત્રીઓ ખાસ આનો ભોગ બને છે. જયારે માર્કેટમાં ફરીએ ત્યારે આ કેલ્શિયમને 'સપ્લીમેન્ટ' તરીકે વાપરવા માટેનાં અનેક પદાર્થો હાજર છે. પીણા સ્વરૂપે, ગોળી સ્વરૂપે, ઇન્જેકશન સ્વરૂપે કેલ્શિયમ બજારમાં મળે છે. વળી, આ કેલ્શિયમ યુક્ત પદાર્થોની કિંમત પણ પોસાય તેવી હોતી નથી અને કેલ્શિયમ વળી લાંબો સમય - વર્ષો સુધી ખાવાનું હોય.

આયુર્વેદમાં વનસ્પતિ ઉપરાંત ખનિજ દ્રવ્યોનો પણ ઉલ્લેખ છે. તેમાના એક દ્રવ્ય કે જેમાંથી નેચરલ શુદ્ધ કેલ્શિયમ મળે છે તેનો આજે પરિચય મેળવીએ. ચિરોડી નામે ખનિજ પથ્થરથી આપણામાંથી ઘણા પરિચિત હોઇશું. તેને ઘાપણ પણ કહે છે. આ ચિરોડીને આયુર્વેદીક ભાષામાં કહેવાય ગોદન્તી જયારે તેનું કેમિકલ નામ છે કેલ્શિયમ સલ્ફેટ. ચૂનો અને ગંધકના સંયોજન ધરાવતો આ પદાર્થ ભારતમાં અનેક ભાગોમાં થાય છે. ચિરોડીને તોડી પાડી તેમાંથી ભસ્મ બનાવવામાં આવે છે. ભસ્મ બનાવવાની ખાસ વિધિ હોય છે. જેને કારણે મૂળ પદાર્થમાં રહેલ અશુદ્ધિ - વિષતત્ત્વો નાશ પામી તેને સામાન્ય માણસ માટે ઔષધ યોગ્ય બનાવાય છે.



ગોદન્તીની ભસ્મ ઠંડી છે. તે પિત્તદોષનો નાશ કરે છે. તેનાથી લોહીની ગરમી દૂર થાય છે અને લોહીનું શુદ્ધિકરણ થાય છે. વળી, ગોદન્તી ભસ્મને અલગ - અલગ રોગોમાં વાપર માટે તેની ભસ્મ બનાવતી વખતે અલગ અલગ ઔષધીઓની ભાવના આપવામાં આવે છે. જેમ કે શરદી ઉધરસમાં ઉપયોગમાં લેવી હોય તો તેને અરડૂસીની ભાવના અપાય.

ગોદન્તી ભસ્મના વિવિધ ઔષધીઓ સાથેના યોગો ખૂબ અસરકારક છે. જેમ કે, તાવ આવ્યો હોય કે શરીરની ગરમી હોય તો ગોદન્તી ભસ્મ સાથે સૂંઠ - મરી થતા જીરૂંનું ચૂર્ણ આપી શકાય. કયારેક માથુ એકદમ ભારે લાગે. ગરમીને કારણે માથું દુઃખે કે લોહીનું દબાણ વધી જાય તેવા સંજોગોમાં ગોદન્તી ભસ્મ સાથે ગળોસત્વ અને ગુલકંદ ખૂબ અસરકારક બની શકે. માથુ દુઃખવા તેમજ માઇગ્રેન જેવા વિકારોમાં પણ ગોદન્તી ખૂબ અસરકારક છે. પથ્થાદી કષાય અને ગોદન્તીના યોગ વડે તુરત જ પરિણામ મળ્યાના અનુભવો છે. આ ઉપરાંત ગોદન્તી ભસ્મ અને વજને મેળવી ને ઘી સાથે સવારે ચાટવામાં આવે તો આધાશીશી તેમજ પોષણના અભાવે પેદા થતા મગજમાં રોગો દૂર થઇ શકે.

આ ઉપરાંત નાક વાટે, મોં વાટે કે ઝાડામાં લોહી પડતું હોય તેવા કિસ્સાઓમાં પણ ગોદન્તી ભસ્મનો યોગ ફાયદાકર છે. આવા રોગોમાં ગોદન્તી ભસ્મ સાથે નાગ કેસર, રાબનું ચૂર્ણ તથા ઘી ચાટવાથી રાહત મળ્યાના દાખલા છે. સ્ત્રીઓને ઓછા સમયમાં માસિક ધર્મ આવતો હોય કે વધુ પ્રમાણમાં આવતો હોય તેવા સંજોગોમાં ગોદન્તી, લીધર, અશોક તથા નાગકેસરના મિશ્રણને ઘી સાથે ચાટવાથી સારા પરિણામો મળે છે.

બાળકોના રોગોમાં પણ ગોદન્તી ખૂબ અસરકારક છે. બાળકોમાં હાડકાંની નબળાઇ અને કેલ્શિયમની ખામી જેવા કિસ્સાઓમાં ગોદન્તી ખૂબ ઉપયોગી છે. બટકણા હાડકાં, ગાંઠો જામી જવી, ચાલવામાં તકલીફ, આદી જેવા રોગોમાં ગોદન્તી ભસ્મને દૂધ કે મધ સાથે આપવાથી ફાયદા કારક સિદ્ધ થઇ શકે.

બાળકોને થતા રોગો જેવા કે તાવ, શરદી, ઉધરસ તેમજ શરીરની ગરમીમાં પણ ગોદન્તી ઉપયોગી સાબિત થઇ શકે.

આમ, હાલ આર્ટીફિશીયલ કેલ્શિયમ ના યુગમાં શુદ્ધ કેલ્શિયમની ગરજ સારતી ગોદન્તી ભસ્મ ખરેખર જ ફાયદાકારક છે. વ્યક્તિના બળ તેમજ વ્યક્તિની પ્રકૃતિને જોઇને યોગ્ય માત્રામાં આ યોગોનો ઉપયોગ કરવો જરૂરી છે. ચિકિત્સકની સલાહ લેવી સલાહભરી છે.

# ગુણવંત શાહ શબ્દનું માવજતભર્યું સંધાન કરી, અર્થરૂપી પણછને ઇતિહાસ અને સત્ય તરફ ખેંચી ભવિષ્યના નિશાન પર અચૂક વાર કરે છે, ભવિષ્ય અર્થાત્ આપણા સૌનું ભવિષ્ય

## આપણા ગુણવંત શાહ - ચિંતનસભા

**- પ્રા. ડો. રાકેશ પટેલ**

ગુણવંત શાહ વિચાર વૃંદાવનમાં સ્વામી, પરોઢના કલરવના સેવક, અને પતંગિયાની અમૃતયાત્રાના સર્જનહાર બની સમાજની વિચારક્રાંતિની મોભી બન્યા છે. તેમની પાસે શબ્દ અને અર્થ બંને તો છે જ, પણ તેનાથી આગળ શબ્દને શણગારવાની અને અર્થને જાજરમાન સત્ય સાથે જોડવાની અદ્દભૂત જાદુઇ લાકડી છે. અચ્છો તિરંદાજ પણછને પાછળ ખેંચીને, નજરને સ્થિર કરી ધારેલા નિશાન પર પ્રહાર કરી શકે છે તેમ ગુણવંત શાહ શબ્દનું માવજતભર્યું સંધાન કરી, અર્થરૂપી પણછને ઇતિહાસ અને સત્ય તરફ ખેંચી ભવિષ્યના નિશાન પર અચૂક વાર કરે છે. ભવિષ્ય અર્થાત્ આપણા સૌનું ભવિષ્ય.

ગુણવંત શાહ એક એવા ગુજરાતી, જે છે ગુજરાતી, પણ એમની ઓળખ માત્ર ગુજરાતી તરીકે આપવી એ એમને દુભાવનારી ઘટના ગણાશે. એમને લગભગ માનવજીવનના દરેક પ્રશ્નોને માત્ર વાચા ન આપતા જીવંત બનાવ્યા. એવા પણ કેટલાક પ્રશ્નો રૂવાબભેર ઉઠાવ્યા જેના તરફ સમાજનું કે વ્યક્તિનું ધ્યાન પણ ન ગયું હોય. પ્રશ્નોને સમાજ સમક્ષ એવી રીતે મૂકી આપ્યો કે ભાગ્યે જ તેનો ઇનકાર થઇ શકે. જેમ કે બિનસાંપ્રદાયિકતાની સચ્ચાઇ, માનવજીવનનું સાચું સૌંદર્ય. સ્ત્રી પુરૂષ સંબંધોની શાસ્ત્રીયતા અને સૌંદર્ય દૃષ્ટી વગેરે. ગુણવંત શાહની કેટલીક કાવ્યમય ગદ્ય પંક્તિઓનો આસ્વાદ કરીએ : "કોઇને ન ગમે પરંતુ વસ્તીથી ઉભરાતા આ દેશમાં એક કાયદો થવો જોઇએ." ગર્ભાધાન પછીના પ્રથમ મહિનામાં જ માતાપિતાએ કોર્ટમાંજઇને ન્યાયમૂર્તિ સમક્ષ સોગંધનામા તરીકે આચરવું જોઇએ : 'અમે પતિપત્ની અહીં સોગંધપૂર્વક જાહેર કરીએ છીએ કે અમારા આવનારા શિશુને માટે પ્રમાણમાં પોષક એવો આહાર, એક ગ્લાસ દૂધ અને રમકડાં આપી શકાય એટલી સગવડ અમે રાખી છે. અમે ખાતરી આપીએ છીએ કે અમારી વચ્ચેનાં ઝઘડાઓ બાળકની માવજતમાં અંતરાયરૂપ ન બને તેની બનતી કાળજી રાખીશું.'

સમાજ માત્રને 'વિચાર' સાથે નાળ સંબંધ પેલા શિશુને જેમ વિચ્છેદીત બની જતો હોય છે, સિવાય કે કોઇ ચિત્તતંત્રને જગાડનાર વિભૂતિ આવી પહોંચે! કોઇ મર્મી અને કર્મી જ વિચારને તાજગીથી, મધુરતાથી અને મહેંકસભર રીતે સમાજપુરૂષ સમક્ષ મુકી શકે. ગુણવંત શાહ આપણા પતંગિયાધર્મી વિચારક છે જે સમાજ પુષ્પની પાસે નજાકતથી થઇ સહજમાં રસ ખેંચી સમાજપુરૂષને પરત કરે છે. ગુણવંત શાહના વિચારો પતંગિયાની પાંખોની જેમ બહુરંગી છે જેમ કે નિર્ભયતા, સ્વાનુભાવ, માનવપ્રીતિ, યુવાનો સાથેની નિસ્બત, કલાસભર રજૂઆત અને ઇતિહાસબોધ.

ગુણવંતી ગુજરાતને જયારે 'સુ સા પૈસા ચાર...' ના શબ્દ બાણ અને આળથી મુક્ત કરવાની ઇચ્છા થઇ ત્યારે ગુણવંત શાહને મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી. જે પ્રજાની ઓળખ માત્ર વેપાર સુધી સીમિત બની ગઇ હતી તેમાંથી મુક્ત કરવાની જવાબદારી તેમણે બખુબી નિભાવી છે. રાજકીય પક્ષોને પણ નીતિવાકયોથી હંમેશાં પોંખતાં રહેનાર ગુણવંત શાહ, રાજકીય પક્ષોની શેહશરમ ન રાખતાં ટપારતા રહે છે. ગુણવંત શાહનો ધર્મ 'વિચાર ધર્મ' જ હોઇ શકે. આજના યુગમાં વિચારવાની કડાકૂટમાં પડવાનો કહેવાતા મોટા માણસ પાસે પણ કયાં હોય છે? સમાજ જેને આદર્શ ગણી તેની ક્રિયાઓની નકલ કરવા ઉત્સુક હોય છે તેવા લોકો પણ વિચારવાનું છોડી દેવાની સલાહ આપતા ફરતા રહે છે. તેમના વાકયો પહેલી નજરે ગમી જાય એવા હોઇ શકે. જેમ કે, 'ટેકનોલોજી અપનાવો - સબ સમસ્યા ભગાવો, ભૂખ્યાને અન્ન આપે એટલે કામ પૂરૂં, આજના સમયમાં આગળ આપવવા માટે કંઇક બાંધછોડ તો કરવી જ પડે વગેરે. પરંતુ સિક્કાની બીજી બાજુ પણ છે, તેના વિષે વિચારવાની ટેવ પાડનાર કોઇ હોય તો તે ગુણવંત શાહ.'

પ્રેમ પદારથને ઉકેલવાનો સાચુકલો પ્રયત્ન ગુણવંત શાહ સિવાય કોણ કરી શકે? 'વિશ્વ ગ્રામ' શિબિરની એમની એક બેઠકમાં એમણે આ પ્રેમ પદારથને ખુલ્લા દિલે ખોળી આપ્યો હતો. બધાને અંતરથી ગમતો આ 'પ્રેમ' શબ્દ ભલે જાહેરમાં અનાદરિત થતો હોય પણ તેને મહામંત્ર સમજીને ઉકેલી બતાવ્યો હતો. તેમની કથનશૈલીનો ઉત્તમ નમૂનો માણવા જેવો છે : 'હીર અને રાંઝાના પ્રેમની કથા જાણીતી છે. હીર પરણેલી હતી, પરંતુ એને રાઝા સાથે સાચુકલો પ્રેમ હતો. લોકોએ એના અપરાધ બદલ કાજી સમક્ષ ખડી કરી ત્યારે હીર કાજીને કહે છે : 'કાજી! ખોલ કિતાબ, દેખ મશૈકા, ઇશ્ક સેરે કયા લગે? પ્રેમ કાયદા પોથીનું રીંગણું નથી. પ્રેમ પર વળી કૈ કલમ લાગે? સાચો પ્રેમ માણસે ઘડેલા કાયદાથી પર છે. આ થઇ વ્યક્તિગત કક્ષાના પ્રેમની વાત. વ્યક્તિગત પ્રેમ જયારે ચેતો વિસ્તાર પાઇ મે ત્યારે વ્યક્તિ નિરપેક્ષ પ્રેમ પ્રગટતો હોવો જોઇએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)